Extra No. 412

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **WEDNESDAY, AUGUST 6, 2025 / SRAVANA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૦૦૦૩/૨૦૧૭ થી દાખલ થયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

ગૃહ વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૫મી મે, ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) કાયદા વિભાગના તા.૦૨.૦૨.૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક: No.GHK/33/2024/SPC/102017/2635/D

(૨) ગૃહ વિભાગનો તા.૧૦.૦૧.૨૦૧૮ નો હુકમ ક્રમાંક: No./SB.2/GNH/132018/13

(૩) સ્પે. જજશ્રી જિ.પી.આઈ.ડી., વડોદરાનો તા.૧૦.૦૭.૨૦૨૪ નો હુકમ : GPID CC No. 03 of 2023.

(૪) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વડોદરા શહેરનો તા.૩૧.૧૨.૨૦૨૪નો પત્ર ક્રમાંક: એમએજી/વશી/૧૪૧૫/૨૦૨૪

ક્રમાંક: GHG/63/2025/SB.2/GNH/132018/13: સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૦૦૦૩/૨૦૧૭ ના કામે ધી ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ (GPID Act,2003) ની કલમ-૩, ઈ.પી.કો કલમ-૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) r/w, GPID Act, 2003 મુજબ દાખલ થયેલ ગુનાના કામે GPID Act, 2003ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ ગૃહ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના હૂકમના એનેક્ષરમાં દર્શાવ્યા મુજબની આરોપીની મિલ્કતો ટાંચમાં લેવા તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વડોદરા શહેરની 'કમ્પીટન્ટ ઑથોરીટી' તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાથી કાયદા વિભાગ દ્વારા GPID Act, 2003 ની કલમ-૯ હેઠળ પ્રત્યેક જિલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજની અદાલતને

“વિશેષ અદાલત” તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી સ્પે. જજશ્રી જિ.પી.આઈ.ડી., વડોદરા દ્વારા તા.૧૦.૦૭.૨૦૨૪ ના હુકમથી ઉક્ત કેસ સ્પે. જજશ્રી જિ.પી.આઈ.ડી.- ડિસ્ટ્રીક્ટ કોર્ટ, છોટાઉદેપુર ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના પત્રથી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, વડોદરા શહેર દ્વારા પ્રસ્તુત કેસમાં ‘કમ્પીટન્ટ ઑથોરીટી’ તરીકે પ્રાંત અધિકારીશ્રી, છોટાઉદેપુરની નિયુક્ત કરવા રજૂઆત કરવામાં આવેલ હતી.

જે ધ્યાને લઈ પ્રાંત અધિકારીશ્રી, છોટાઉદેપુરને, સી.આઈ.ડી. ક્રાઈમ અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૦૦૦૩/૨૦૧૭ ખાતેની કલમ-૩, ઈ.પી.કો કલમ-૪૦૬, ૪૨૦, ૧૨૦(બી) r/w હેઠળ દાખલ થયેલ ગુનાના કામે GPID Act, 2003 ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ ગૃહ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના હૂકમના એનેક્ષરમાં દર્શાવ્યા મુજબની આરોપીની મિલ્કત ટાંચમાં લેવા, ‘કમ્પીટન્ટ ઑથોરીટી’ તરીકે જાહેર કરવામાં આવે છે તથા ‘ડિઝીગ્નેટેડ કોર્ટ’ ના આખરી હુકમ સુધી સદર પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા હુકમ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. હર્ષિત ગોસાવી,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.08 10:42:00 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar